# આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ દ્વારા લાંબા ગાળાના રોકાણકારો માટે આઈઆઈએફએલ કેપિટલ એન્હાન્સર ફંડ સિરીઝ 1 લોન્ચ કરાઈ

**<u>મુંબઈ, 11મી એપ્રિલ, 2018-</u>** આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ લિમિટેડ (આઈઆઈએફએલ એએમસી) દ્વારા આજે બજાર નીચામાં હોય તેની સામે હેજ સાથે ઊંચામાં ઈક્વિટીના લાભો આપવાનું લક્ષ્ય ધરાવતી યોજના આઈઆઈએફએલ કેપિટલ એન્હાન્સર ફંડ- સિરીઝ 1 (ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સિક્યુરિટીઝમાં રોકાણ કરતી વાર્ષિક મધ્યાહન યોજના) લોન્ચ કર્યાની જાહેરાત કરી છે. આ યોજનાનું માળખું વાર્ષિક મધ્યાહન યોજના તરીકે કરવામાં આવ્યું છે, જેનો હેતુ નિફ્ટી 50 પુટ ઓપ્શન અને અન્ય ઈક્વિટી ડેરિવેટિવ્ઝ સાથે પોર્ટફોલિયો હેજ કરવી વ્યૂહરચના સાથે ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સિક્યુરિટીઝમાં રોકાણ કરીને લાંબે ગાળે મૂડી વૃદ્ધિ હાંસલ કરવાનો છે.

ભારતમાં અસ્કયામત ફાળવણીના સંજોગો એવું સૂચવે છે કે રોકાણકારોએ ઈક્વિટીની સામે નિશ્ચિત આવકને અગ્રતા આપવી જોઈએ. આ એ ધારણામાંથી ઉદભવ્યું છે કે નિશ્ચિત આવક નિયમિતઅને સ્થિર વળતરો સાથે મૂડીની સુરક્ષા આપે છે, જ્યારે ઈક્વિટી જોખમનું ભાન દાખલ કરે છે. રોકાણકારો એ વાસ્તવિકતા ભૂલી જાય છે કે ટૂંકા ગાળે ઈક્વિટીઓ અસ્થિર હોય છે, પરંતુ લાંબે ગાળે તે સંપત્તિ નિર્માણ કરે છે.

આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ બિઝનેસના સીઈઓ શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ ઈક્વિટીનાં જોખમો બાબતે રોકાણકારોની ભાવનાઓને સમજે છે અને તેમની સુધારિત સંભાવનાઓ આપીને તેમની ચિંતાઓને પહોંચી વળવાનો હેતુ ધરાવે છે. આઈઆઈએફએલ કેપિટલ એન્હાન્સર ફંડ સિરીઝ 1 પુટ ઓપ્શનમાં રોકાણ કરીને નીચામાં અંકુશ રાખવાના હેતુ સાથ તૈયાર કરવાં આવી છે, જેથી રોકાણકારને બજારમાં કરેકશન સામે હેજ પૂરું પાડે. અમારાં અધ્યયનોમાં એવું બહાર આવ્યું છે કે લાંબા ગાળામાંથી આવતાં 95 ટકા પોર્ટફોલિયોનાં વળતરો યોગ્ય અસ્કયામત ફાળવણીમાંથી આવે છે અને ફક્ત 5 ટકા પ્રોડક્ટની પસંદગીમાંથી આવે છે. આઈઆઈએફએલ કેપિટલ એન્હાન્સર ફંડ- સિરીઝ 1નું લક્ષ્ય ટૂંકા ગાળાની અસ્થિરતા વિશે ચિંતા કરવાને બદલે યોગ્ય અસ્કયામત ફાળવણી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે લાંબા ગાળાને રોકાણકારોને નિશ્ચિંતતા આપવાનું છે.

આ યોજના મુખ્યત્વે લાર્જ કેપ પોર્ટફોલિયોમાં રોકાણ કરશે અને નિફ્ટી 50 પુટ ઓપ્શન સાથે પોર્ટફોલિયો હેજ કરશે. આથી રોકાણકારો એવી થીમમાં રોકાણ કરી શકે છે, જેનું લક્ષ્ય જોખમ લઘુતમ કરવું અને ઊંચામાં મહત્તમ લાભ લેવો. યોજનાનું લક્ષ્ય અનકેપ્ડ ઊંચામાં સંભાવના સાથે નીચામાં અંકુશ રાખીને


ઉત્તમ વળતરો ઊપજાવવાનું છે. વાર્ષિક મધ્યાહ્ન વિશિષ્ટતાથી રોકાણકારોને દર વર્ષે નિર્ધારિત લેણદેણના સમયગાળા દરમિયાન સબસ્ક્રાઈબ અથવા એક્ઝિટ કરવાનો વિકલ્પ મળે છે.

આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ લિમિટેડના સીઈઓ અને યોજનાના ફંડ મેનેજર શ્રી પ્રશાસ્ત સેઠે જણાવ્યું હતું કે કેપિટલ એન્હાન્સર ફંડ- સિરીઝ 1 અમારા રોકાણકારોની જરૂરતોને અનુકૂળતા આપે તે રીતે તૈયાર કરવામાં આવી છે. ભારત અત્યંત રોમાંચક તબક્કામાં છે અને લોકો ધીમે ધીમે લાંબા ગાળાનાં રોકાણોમાં મૂલ્યને ઓળખવા લાગ્યા છે અને તેમાં સંકળાયેલાં જોખમો ઉઠાવવા માટે પણ તૈયાર છે. અમારી નવી ઓફર સંકળાયેલાં જોખમો ઓછાં કરવાના લક્ષ્ય સાથે રોકાણકારોની આ ચિંતાઓને ખાસ પહોંચી વળે છે. આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ હંમેશાં નિયમિત યોજનાઓથી દૂર રહીને ઉદ્યોગમાં પોતાની આગવી ઓળખ નિર્માણ કરવામાં સફળ રહી છે. અમારી આલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ શ્રેણી હેઠળ ગત ઓફર(રો), એટલે કે, આઈઆઈએફએલ સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ પૂર્વ- આઈપીઓ અને આઈપીઓ અવકાશ પર કેન્દ્રિત હોઈ ભારતમાં પહેલી વાર રજૂ કરવામાં આવી હતી, જેણે 1.1 અબજ અમેરિકન ડોલર (31 ડિસેમ્બર, 2017ના રોજ) ઊપજાવ્યા હતા અને દેશમાં એક સૌથી વિશાળ એઆઈએફ બની છે.

ભારત રોકાણો માટે પાંચમી સૌથી આકર્ષક બજાર બનવા માટે સુસજ્જ છે. વૈશ્વિક આર્થિક વૃદ્ધિ સામે આશાવાદ વિક્રમી સ્તરે છે અને ભારતના કિસ્સામાં તે વધુ ઉચ્ચ છે. આઈઆઈએફએલ એએમસી પારંપરિક યોજનાઓથી દૂર રહીને ઉદ્યોગમાં આગવી ઓળખ કંડારવા અને બજારનું અંતર ભરી કાઢે તેવી મજબૂત પરિપૂર્ણ સંશોધનના આધાર સાથેના અસ્કયામત વર્ગોમાં ઘણી બધી અનોખી, નાવીન્યપૂર્ણ યોજનાઓ ઓફર કરી રહી છે. કેપિટલ એન્હાન્સર ફંડ- સિરીઝ 1 નફો મહત્તમ કરવામાં અને જોખમ લઘુતમ કરવામાં રોકાણકારોને મદદરૂપ થતાં નિવારણો પૂરાં પાડવાની દિશામાં વધુ એક પગલું છે.

રોકાણકારો મૂડીલાભ સુધારવા માગતા હોય અને પ્રથમ વાર બજારમાં રોકાણ કરવા માગતા હોય તેવા આરંભિકો રૂ. 5000ની લઘુતમ ખરીદી રકમ સાથેની આઈઆઈએફએલ કેપિટલ એન્હાન્સર ફંડ- સિરીઝ 1 દ્વારા ઓફર કરાતા રેગ્યુલર અથવા ડાયરેક્ટ પ્લાન(નો)માં રોકાણ કરી શકે છે.

આ યોજના નિમ્નલિખિત ચાહતા રોકાણકારો માટે અનુકૂળ છે *

| | |
|---|---|
| - લાંબા ગાળાની મૂડી વૃદ્ધિ.<br>- નિફ્ટી 50 પુટ ઓપ્શન અને અન્ય ઈક્વિટી ડેરિવેટિવ્ઝ ખરીદીને હેડિંજની વ્યૂહરચના સાથે ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સિક્યુરિટીઝમાં રોકાણ. | <br>રોકાણકારોએ સમજી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ મધ્યમ જોખમે છે. |

***રોકાણકારોને યોજના તેમને માટે અનુકૂળ છે કે નહીં તે વિશે શંકા હોય તો તેમના ફાઈનાન્શિયલ**

**એડવાઈઝરનો સંપર્ક કરવો જોઈએ.**

---

આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ લિમિટેડ વિશે

આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ લિમિટેડ આઈઆઈએફએલ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સનો હિસ્સો છે. આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ (આઈઆઈએફએલ એએમસી) બજારના વાતાવરણ માટે અનુકૂળ અનોખી રોકાણ યોજનાઓ પૂરી પાડવાના હેતુ સાથે 2008માં રજૂ કરવામાં આવેલી વૈશ્વિક અસ્કયામત વ્યવસ્થાપન કંપની છે. આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ વેપાર સિંગાપોર, ભારત અને મોરિશિયસમાં સ્થિત તેની ગ્રુપની કંપનીઓ થકી આઈઆઈએફએલ ઈન્વેસ્ટમેન્ટ મેનેજરો દ્વારા હાથ ધરવામાં આવતી લાઈસન્સ્ડ એસેટ મેનેજમેન્ટ પ્રવૃત્તિનો સંદર્ભ છે. આઈઆઈએફએલ એએમસીએ મ્યુચ્યુઅલ ફંડ્સ, આલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ અને પબ્લિક અને પ્રાઈવેટ ઈક્વિટીઝમાં વેન્ચર કેપિટલ ફંડ્સ, ફિક્સ્ડ ઈન્કમ સિક્યુરિટીઝ અને રિયલ એસ્ટેટની શ્રેણીઓની અનોખી તારવી છે. તેની અજોડ યોજનાઓ વેપાર સાહસિકતા ધાર, સ્થિતિસ્થાપકતા અને બુટિક એસેટ મેનેજમેન્ટ કંપનીના અમલની ગતિ લાવે છે.

***"મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન છે, કૃપા કરીન યોજના સંબંધી દસ્તાવેજો ધ્યાનપૂર્વક વાંચો."***

*અસ્વીકારઃ આ દસ્તાવેજમાં સમાવિષ્ટ સામગ્રી તૈયાર કરવામાં એએમસીએ ઈન-હાઉસ વિકસાવવામાં આવેલી માહિતી સહિત જાહેરમાં ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કર્યો છે. આ ભેગી કરવામાં આવેલી માહિતી અને આ દસ્તાવેજમાં ઉપયોગ કરવામાં આવેલી માહિતી વિશ્વસનીય સૂત્રો પાસેથી હોવાનું માનવામાં આવ્ છે. એએમસી જોકે કોઈ પણ માહિતીની અચૂકતા, વ્યવહારુતા અને - અથવા સંપૂર્ણતાની બાંયધરી આપતી નથી. અમે આ દસ્તાવેજમાં એવાં નિવેદનો સમાવિષ્ટ કર્યાં છે, જેમાં એવા શબ્દો અથવા વાક્યો છે, જેમ કે, થશે, ધારણા, થવું જોઈ, માનીએ છીએ અને આવા હાવભાવ અથવા આવા હાવભાવની ભિન્નતાનો સમાવેશ થાય છે, જે ભાવિમાં ડોકિયું કરતાં નિવેદનો છે. વાસ્તવિક પરિણામો અમારી અપેક્ષાઓ સાથે સંકળાયેલાં જોખમ અથવા અનિશ્ચિતતાને લીધે ભાવિમાં ડોકિયું કરતાં નિવેદનોમાં સૂચિતથી સામગ્રીની રીતે ભિન્ન હોઈ શકે છે, જે બજારનાં જોખમોની સન્મુખતા, ભારત અને વૈશ્વિક સ્તરે અન્ય દેશોમાં સામાન્ય આર્થિક અને રાજકીય સ્થિતિ, જેનો અમારી સેવાઓ અને - અથવા રોકાણો પર પ્રભાવો હોય, ભારતની આર્થિક અને વ્યાજની નીતિઓ, મોંઘવારી, ફુગાવો, વ્યાજ દરોમાં અણધાર્યો ઘટાડો, ફોરેન એક્સચેન્જ રેટ્સ, ઈક્વિટીની કિંમતો અથવાઅન્ય રેટ્સ અથવા કિંમતો વગેરેને મર્યાદિત નથી. એએમસી (તેની સંલગ્નિતો સહિત), મ્યુચ્યુઅલ ફંડ, ટ્રસ્ટ અને તેના કોઈ પણ અધિકારીઓ, ડાયરેક્ટરો, અધિકારીઓ અને કર્મચારીઓ કોઈ પણ રીતે આ સામગ્રીના ઉપયોગથી ઉદભવનાર પ્રત્યક્ષ, અપ્રત્યક્ષ, દંડાત્મક, વિશેષ, દાખલારૂપ, પરિણામકારીને મર્યાદિત નહીં રહેતાં તેના સહિત કોઈ પણ નુકસાન, હાનિ તેમ જ કોઈ પણ તે નફામાં કોઈ પણ નુકસાન માટે ઉત્તરદાયી નહીં રહેશે. પ્રાપ્તિકર્તા આ સામગ્રીને આધારે લેવાનાર કોઈ પણ નિર્ણય માટે સંપૂર્ણ જવાબદાર અથવા ઉત્તરદાયી રહેશે. યોજનાનો પોર્ટફોલિયો યોજનાના યોજના માહિતી દસ્તાવેજની જોગવાઈઓમાં ફેરફારને આધીન છે. કૃપા કરીને રોકાણોની શૈલી, વ્યૂહરચના અને જોખમનાં પરિબળો માટે એસઆઈડી જુઓ. રોકાણકારોને આઈઆઈએફએલ મ્યુચ્યુઅલ ફંડનાં યુનિટ્સ સબ્સ્ક્રાઈબ કરવા પૂર્વે શક્ય કર, કાનૂની અને અન્ય નાણાકીય જવાબદારીઓ અથવા પરિણામો નક્કી કરવા માટે તેમના કાનૂની, કર અને ફાઈનાન્શિય એડવાઈઝરોની સલાહ લેવાનો અનુરોધ છે.*